# <u>સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરીની નોંધ</u>

અમદાવાદ શહેર ભારતનું સાતમા નંબરનું મોટુ શહેર છે, પશ્ચિમ ભારતનું મુંબઈ બાદનું બીજુ મોટુ વ્યવસાયિક શહેર તથા ગુજરાત રાજયની આર્થિક રાજધાની છે. હાલમાં અમદાવાદ શહેરનો કુલ વિસ્તાર ૪૬૬ ચો.કી.મી. છે. અમદાવાદ શહેરને ૭ ઝોન અને ૪૮ વોર્ડમાં વહેંચવામાં આવેલ છે. અમદાવાદ શહેરની વસ્તી આશરે ૬૩ લાખ છે. દૈનિક ધોરણે ૪૧૦૦ મેટ્રીક ટન કચરાનો નિકાલ કરવામાં આવે છે.

| ક્રમ | વ્યવસ્થાનું નામ | દૈનિક અંદાજીત કચરો (મે.ટનમાં) |
|---|---|---|
| ૧ | ડોર/ગેટ ટુ ડમ્પ પધ્ધતિ | ૧૭૦૦ |
| ૨ | સિલ્વર ટ્રોલી અને સ્પોટ કોમ્પેકટર કલેકશન | ૭૦૦ |
| ૩ | લીટરબીન અને સ્પોટ ટુ આર.ટી.એસ. કલેકશન | ૬૦૦ |
| ૪ | કન્સ્ટ્રક્શન એન્ડ ડીમોલીશન વેસ્ટ કલેક્શન | ૧૦૦૦ |
| ૫ | હોટલ-રેસ્ટોરન્ટ કીચન વેસ્ટ કલેકશન | ૯૦ |
| ૬ | મૃત જાનવરો તથા ફીશ-મીટ માર્કેટનો કાર્કશ વેસ્ટ કલેકશન | ૧૦ |
| | **કુલ** | **૪૧૦૦** |

## ➤ ડોર ટુ ડોર પધ્ધતિ અનુસાર ઘન કચરાનાં નિકાલની વ્યવસ્થા:-

વર્ષ ૨૦૦૯ થી સમગ્ર અમદાવાદ શહેરમાં ડોર / ગેટ ટુ ડમ્પ પધ્ધતિ અનુસાર ઘન કચરાનાં એકત્રીકરણ, પરિવહન તથા આખરી નિકાલની કામગીરી શરૂ કરવામાં આવેલ.

જુલાઇ - ૨૦૧૭ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ અને ગૌરવવંતુ બનાવવાની પહેલનાં અનુસંધાને નવા અભિગમ સાથેની નવી પધ્ધતિ અપનાવી નાગરિકો તેમનાં દ્વારા જુદો કરાયેલ ભીનો અને સૂકો કચરો અલગ-અલગ આપી શકે તથા તેનું એ જ રીતે કલેકશન થઇ શકે તે મુજબનાં વાદળી અને લીલા રંગનાં અલગ કંમ્પાર્ટમેન્ટ સાથેનાં બંધ બોડીની ડીઝાઇનનાં તથા વધુ કેપેસિટીવાળા લેટેસ્ટ નોર્મ્સ (યુરો - ૪ પ્રકારનાં) મુજબનાં પ્રદૂષણની માત્રામાં પણ ઘટાડો થાય તેવા તમામ ૪૮ વોર્ડોમાં ૧૦૦૦ જેટલાં તદ્દન નવા વાહનો તબક્કાવાર વોર્ડ વાઇઝ મુકી, વાહનો ઉપયોગમાં લેવામાં આવેલ છે.








અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા **"ડોર ટુ ડોર / ગેટ ટુ આરટીએસ પધ્ધતિ"** હેઠળનાં નવા ટેન્ડરની કામગીરીમાં શહેરની હદમાં આવેલ ૧૫ લાખથી વધારે રહેણાંક એકમો અને ૪.૫૯ લાખ જેટલાં કોમર્શિયલ એકમોને ૭૦૦ થી વધારે રૂટો બનાવી કચરાનાં એકત્રીકરણ અને ટ્રાન્સપોર્ટેશનની ૧૦૦ % કામગીરી પૂર્ણ કરી દેવામાં આવે છે.

ચાલી, ઝુંપડપટ્ટી, સ્લમ જેવા વિસ્તારોમાં આવેલ રહેણાંક એકમોમાં કે જયાં વાહન જઇ શકે તેમ ન હોય ત્યાં પેડલ રીક્ષાઓ મુકી કચરાનાં એકત્રીકરણની કામગીરી કરવામાં આવી રહેલ છે. નિયત કરેલ સ્થળનાં

કવરેજની કામગીરી માટે અદ્યતન જી.પી.એસ. સિસ્ટમ જેવી મોનીટરીગ વ્યવસ્થા પણ ગોઠવવામાં આવેલ છે.

આ પધ્ધતિમાં હાલ દરરોજ કુલ ૧૪૦૦ મેટ્રીક ટનથી વધુ કચરાનો નિકાલ કરવામાં આવે છે.

➢ **રોડ સફાઈની કામગીરીઃ-**






અમદાવાદ શહેરમાં દૈનિક ધોરણે ૧૪૦૦૦ થી વધુ સફાઈ કામદારો દ્વારા વર્ષનાં ૩૬૫ દિવસ શહેરમાં આવેલ તમામ રસ્તાઓની સફાઈની કામગીરી કરવામા આવે છે.

આ ઉપરાંત શહેરમાં આવેલ મુખ્ય રસ્તાઓ, બી.આર.ટી.એસ. તથા મોડલ રોડ ની સ્વીપીંગ મશીન દ્વારા મિકેનાઇઝ્ડ સફાઈની કામગીરી કરવામાં આવે છે.

આ કામગીરી સારૂ ચાલુ વર્ષમાં નવા ૧૫ ટ્રક માઉન્ટેડ મશીનો ખરીદ કરી કુલ ૫૫ થી વધારે સ્વીપીગ મશીનો ઉપયોગમાં મુકવામાં આવેલ છે.

➢ **શહેરને બીન ફ્રી કરવાની કામગીરી :**




સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૧૯ અંતર્ગત શહેરમાં મુકવામાં આવેલ ૧૦૬૦ થી વધારે મોટા લીલા રંગનાં કોમ્યુનિટી બીન્સ કે જે શહેરમાં મોટી કચરાપેટીઓ જેવા લાગતા હતા તથા ભરાઈ જતા ગાય, ભેંસ જેવા પ્રાણીઓ દ્વારા વેરવિખેર કરીને ગંદકી ફેલાવામાં આવતી હતી તેવા તમામ કન્ટેનરો તબક્કાવાર ઉપાડી લઈ ૨જી ઓક્ટોબર-૨૦૧૮ થી શહેરને બીન ફ્રી કરવામાં આવેલ છે.

જાહેર રસ્તાઓ પર મુકવામાં આવેલ આ કન્ટેનરો ઉપાડી લઈ એ જગ્યાઓને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે રંગોળી, નાગરીકો માટે બેઠકો, વૃક્ષારોપણ, જેવાં અન્ય ઉપયોગમાં લેવામાં આવેલ છે.

➢ **<u>કોમર્શિયલ વિસ્તારોમાંથી સૂકો-ભીનો કચરો અલગ-અલગ એકત્ર કરવા માટે 3000 થી વધારે ક્રેડલબીન ઇન્સ્ટોલેશનની કામગીરી :</u>**




શહેરમાં આવેલા કોમર્શિયલ વિસ્તારો, મુખ્ય રસ્તાઓ, જાહેર સ્થળો પર નાગરીકો પોતાનો કચરો સૂકા અને ભીના મુજબ અલગ-અલગ નિકાલ કરી શકે તે હેતુ માટે આશરે 3000 થી વધારે ક્રેડલબીન ઇન્સ્ટોલ કરેલ છે. બીજા વધારાના 3000 ક્રેડલબીન ઇન્સ્ટોલ કરવાનું રૂટ પ્લાનીગ ચાલું છે.

➢ **<u>ખુલ્લા ટ્રેકટરોની જગ્યાએ બંધ બોડીનાં વાહનો દ્વારા ન્યુસન્સ સ્પોટ પરથી કચરાનાં એકત્રીકરણની કામગીરી</u> :**

- અમદાવાદ શહેરમાં ૧૬૦ જેટલાં ખુલ્લી બોડીનાં ટ્રેકટરો દ્વારા કચરાનાં એકત્રીકરણની કામગીરી કરવામાં આવતી હતી. જેમાં ઘણી વખત કચરો રસ્તા પર ઉડતો હતો, દુર્ગંધ મારતી હતી. ટ્રેકટરો ધીમી ગતિનાં વાહનો હોવાથે પાછળ આવતા ટ્રાફીકને અડચણરૂપ થતાં હતાં.



- મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૭ ઝોનમાં કચરો ઉપાડવા માટેનાં ૧૫૮ બંધ બોડીની ડીઝાઈનવાળા વાહનો ઉપયોગમાં મુકી કચરાનાં એકત્રીકરણની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આ વાહનો દ્વારા ડોર ટુ ડોરની કામગીરી સિવાયનો જાહેર જગ્યાઓ પરનો, જુદા-જુદા કચરાનાં સ્પોટ પરનો કચરો એકત્ર કરવામાં આવે છે. જેને નજીકમાં આવેલ ટ્રાન્સ્ફર સ્ટેશનો પર નિકાલ કરવામાં આવે છે.



- અગાઉ ખુલ્લી બોડીનાં ટ્રેકટરોમાંથી કચરો ખુલ્લાં રસ્તા પર ફેલાતો હતો જે જગ્યાએ આ બંધ બોડીનાં વાહનો ઉપયોગમાં મુકવાનાં કારણે કચરાનું સ્વાસ્થ્યપ્રદ રીતે પરિવહન થઇ રહેલ છે.
- સ્પોટ પરથી કચરાનાં એકત્રીકરણની આ કામગીરી ૦૩ વર્ષ સુધી કરવામાં આવનાર છે. જેનો કુલ ખર્ચ રૂા.૭૫.૪૫ કરોડ જેટલો થશે.

➢ **ઘન કચરાનાં નિકાલ સારૂ રેફયુઝ ટ્રાન્સફર સ્ટેશન બનાવવાની કામગીરી :-**



કચરાનું એકત્રીકરણ અને ટ્રાન્સપોર્ટેશન કરતા વાહનોનો મહત્તમ ઉપયોગ થાય, ફ્યુઅલનો વપરાશ ઘટે, પર્યાવરણમાં સુધારો થાય તેમજ ઘન કચરાનાં નિકાલની કામગીરીનો કુલ ખર્ચ ઘટે, મહત્તમ ફેરા કરાવી પુરેપુરી કાર્યક્ષમતાથી કચરાનો નિકાલ થાય તે માટે પૂર્વઝોન-૨ (વસ્ત્રાલ અને રખિયાલ ખાતે) તથા ઉત્તરઝોનમાં -૧ (નરોડા ખાતે), નવાપશ્ચિમઝોનમાં -૧ (સોલા ખાતે) તથા પશ્ચિમઝોનમાં-૨ (જુના વાડજ ખાતે) તથા વાસણા શાહવાડી કેનાલ પાસે, દક્ષિણઝોનમાં -૧ (વટવા ખાતે), મધ્ય ઝોનમાં - ૧, (કાંકરીયા મેટલ ડેપો ખાતે) એમ કુલ ૮ ટ્રાન્સફર સ્ટેશનો કાર્યરત કરવામાં આવેલ છે.



➢ **કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ કલેકશનની વ્યવસ્થા :-**

નાગરિકો દ્વારા મકાનનું સમારકામ / રીપેરીંગ દરમ્યાન નવા બાંધકામ સમયે નીકળતી માટી-પુરણી, બિલ્ડીંડ ડેબરીજ નાગરિકો દ્વારા ગમે ત્યાં ખુલ્લામાં નાંખવામાં ન આવે તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઝોનવાઈઝ ૨ થી ૩ એમ કુલ ૧૬ જેટલી જગ્યાઓ મુકરર કરી જાહેરાત આપી નાગરિકોને વાકેફ કરવામાં આવેલ છે. આવી ૧૭ સાઈટો પરથી દૈનિક ધોરણે ૧૦૦૦ મે.ટન માટી-પુરણી, બિલ્ડીંડ ડેબરીજ એકત્ર કરી "Amdavad Enviro Pvt.Ltd." દ્વારા પોતાનાં જેસીબી-ટ્રક વાહનો મારફતે તદ્ઉપરાંત આવશ્યક સંજોગોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ટ્રેકટર જેવા વાહનો લઈ જઈ નિકાલ કરવામાં આવે છે.

➢ **બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ :-**

મ્યુનિસિપલ હસ્તકની જનરલ હોસ્પિટલો જેવી કે શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ, શારદાબેન હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, નગરી હોસ્પિટલ તથા રેફરલ હોસ્પિટલો, પ્રસૂતિગૃહ, અર્બન હેલ્થ કેર સેન્ટર, કાંકરીયા ઝૂ વિગેરેમાં કુલ ૬૪ યુનિટોમાંથી રોજે રોજ ઉત્પન્ન થતા દૈનિક ધોરણે આશરે ૧૫૦૦ કિ.ગ્રા. બાયો મેડીકલ વેસ્ટને એકત્ર કરી ઈન્શીનરેશન પ્લાન્ટ ઉપર લાવી તેના આખરી નિકાલની કામગીરી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ માન્ય સંસ્થા મેડીકેર એન્વાર્યમેન્ટ મેનેજમેન્ટ પ્રા.લી. તથા પોલ્યુકેર બાયો મેડીકલ વેસ્ટ મેનેજમેન્ટ પ્રા.લી. ને કોન્ટ્રાકટથી સોંપવામાં આવેલ છે.

➢ **હોટલ-કીચન વેસ્ટ કલેકશનની વ્યવસ્થા :-**

અમદાવાદ શહેરમાં આવેલ ૧૦૦૦ થી વધુ હોટલ / રેસ્ટોરન્ટ / કેન્ટીન / ખાણી -પીણીનાં ધંધાવાળાઓ તથા લગ્નમંડપ / વાડી / હોલ વિગેરેમાં ઉત્પન્ન થતાં કિચન વેસ્ટ એકત્ર કરવા સારૂ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક અલગ વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં આવેલ છે. શહેરમાં આવેલ મોટા જથ્થામાં લીલો કચરો ઉત્પન્ન કરતા બીન-રહેણાંકનાં એકમોમાંથી આવો કચરો અલગથી એકત્ર કરી, જે - તે એકમો પાસેથી ચાર્જ વસૂલ કરી આ કચરાનો ઉત્તમ ઉપયોગ કરવાનો પ્રોજેક્ટ સારૂ જે - તે સંસ્થા દ્વારા પોતાના વાહનો, સાધનો અને મેનપાવર વિગેરે સહિત સંપૂર્ણ ખર્ચ ૭ વર્ષ સારૂ કરવા જાહેર ટેન્ડર નોટીસ બહાર પાડી સ્થળ પરથી એકત્ર કરી નિયત સ્થળે પહોંચાડવાની કામગીરી ઝોનવાઈઝ અધિકૃત સંસ્થાઓને સોંપવામાં આવેલ છે. અધિકૃત એજન્સીઓ દ્વારા બંધ બોડીનાં વાહનોમાં દૈનિક ધોરણે ૬૦ થી ૯૦ મે.ટન કિચન વેસ્ટ એકત્રિત કરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં લોક ભાગીદારી ધોરણે ચાલતાં પ્રોસેસીંગ પ્લાન્ટમાંથી ખાતર બનાવવાની કામગીરી કરવામાં આવે છે.

➢ **ઘન કચરાનાં ઈનર્ટનાં નિકાલ સારૂ લેન્ડફીલ સાઈટ:-**



નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન્સ અને ધી મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ ૨૦૦૦ ની જોગવાઈઓ અનુસાર ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા સારૂ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૨.૮૮ હેકટર જમીન ઉપર રૂા. ૧૩ કરોડનાં ખર્ચે ૧૧.૫૦ લાખ મેટ્રીક ટન કેપસીટી ધરાવતી સીકયોર્ડ એન્જીનીયર્ડ લેન્ડફીલ સાઈટ તૈયાર કરવામાં આવેલ છે અને વર્ષ ૨૦૦૯ થી કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં પ્રોસેસીંગની કામગીરી બાદ નીકળતો નિષ્ક્રીય કચરો નાંખવામાં આવે છે.



આગામી ૩૬ વર્ષ સુધીનાં આયોજનનાં ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગ્યાસપુર ખાતે સીકયોર્ડ એન્જીનીયર્ડ લેન્ડફીલ સાઈટનાં વધુ ૫ સેલ બનાવવા સારૂ જમીન અલગથી રાખવામાં આવેલ છે.



➢ **<u>ઘન કચરાને પ્રોસેસીગ કરવાની કામગીરી</u> :-**

- **એકસલ ઈન્ડસ્ટ્રીઝ લી :-** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દૈનિક ધોરણે ૩૦૦ મેટ્રીક ટન ઘન કચરામાંથી ખાતર બનાવવાની કામગીરી એકસલ ઈન્ડસ્ટ્રીઝ લી. દ્વારા કરવામાં આવે છે.
- **યુ.પી.એલ. ડીજાઈ પાવર લી. :-** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યુ.પી.એલ.ડીજાઈ પાવર લી. ને દૈનિક ધોરણે ૩૦૦ મેટ્રીક ટન કચરામાંથી ઈંધણ (RDF-Refuse Derived Fuel) બનાવવાની કામગીરી કરવામાં આવે છે. આ RDF નો ઉપયોગ બોઈલરમાં લાકડાં, લિગનાઈટ, કોલસો, ફરનેસ ઓઈલ વિગેરેનાં પર્યાય તરીકે કરી શકાય છે.
- **ક્રીએટીવ ઈકો-રીસાયકલ પોર્ટ પ્રા.લી. :-** ક્રીએટીવ કંપની લી. સાથે ઘન કચરામાંથી ઈંધણ બનાવવાની કામગીરી સારૂ MoU કરવામાં આવેલ. હાલમાં દૈનિક ધોરણે ૪૦૦ મેટ્રીક ટન ઘન કચરામાંથી ખાતર અને ઈંધણ બનાવવાની કામગીરી કરવામાં આવે છે.

- **Amdavad Enviro Pvt. Ltd** :- દૈનિક ૧૦૦૦ મેટ્રીક ટન માટી-પુરણી, બિલ્ડીંડ ડેબરીજને પ્રોસેસ કરી તેમાંથી ઈંટો, બ્લોક્સ, ઈન્ટરલોકીંગ ટાઈલ્સ, જેવી વસ્તુઓ બનાવવા લોકભાગીદારી ધોરણે Amdavad Enviro Pvt.Ltd.ને કામગીરી સોંપવામાં આવેલ છે અને ૫ એકર જમીન ગ્યાસપુર ખાતે ફાળવવામાં આવેલ છે. હાલ પ્લાન્ટ પૂર્ણ કક્ષાએ કાર્યરત છે અને પ્રોસેસીંગની કામગીરી કરવામાં આવે છે.
- અગાઉ એજન્સીને દૈનિક ધોરણે ૩૦૦ મે.ટન માટી-પુરણી, બિલ્ડીંડ ડેબરીજને પ્રોસેસ કરી તેમાંથી ઈંટો, બ્લોક્સ, ઈન્ટરલોકીંગ ટાઈલ્સ, જેવી વસ્તુઓ બનાવવા લોકભાગીદારી ધોરણે " Amdavad Enviro Pvt.Ltd."ની કામગીરી સોંપવામાં આવેલ. પ્રોસેસીંગની કામગીરી સારૂ એજન્સી દ્વારા જે પ્લાન્ટ નાંખવામાં આવેલ છે તેની કેપેસીટી દૈનિક ધોરણે ૧૦૦૦ મેટ્રીક ટન કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટને પ્રોસેસ કરવાની હોઇ સક્ષમ સત્તાની મંજુરીથી બીજા વધારાનાં ૭૦૦ મેટ્રીક કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ પ્રોસેસ કરવાની કામગીરી કરાવવામાં આવી રહેલ છે.





  આ ઉપરાંત પ્લાન્ટની **sustainability** જળવાઈ રહે તે હેતુસર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે તે સમયનાં પ્રર્વતમાન ભાવોથી અ.મ્યુ.કો.નાં ટેન્ડર અને / અથવા એસઓઆર ભાવો સાથે ચકાસણી કરી બે માંથી જે ન્યુનત્તમ હોય તે ભાવથી મે. અમદાવાદ એન્વાયરો પ્રોજેકટસ્ પ્રા.લી. પાસેથી પ્લાન્ટ ડીલીવરીનાં ધોરણે પ્રોસેસીંગ પ્લાન્ટમાં તૈયાર કરવામાં આવતી પ્રોડક્ટો અ.મ્યુ.કો.નાં જુદા-જુદા વિભાગોની કુલ જરુરીયાતનો ૧૦૦ % જેટલો જથ્થો ખરીદ કરવા માટેની નિતી બનાવવામાં આવેલ છે.
- સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવનાર ફાયનલ પ્રોડક્ટનાં વેચાણની રકમ ઉપર ૨.૫ % રોયલ્ટી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને આપવામાં આવે છે.

➢ **<u>અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નેપ્રાનાં પી.પી.પી. મોડલ હેઠળ ભારતની સર્વપ્રથમ અત્યાધુનિક "મટીરીયલ રીકવરી ફેસીલીટી"</u>**

- **૪૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં રૂા.૧૨ કરોડનાં ખર્ચે એમ.આર.એફ.નું નિર્માણ.**
- **દૈનિક ૧૦૦ મેટ્રીક ટન સૂકા કચરાનાં સોર્ટિંગની ક્ષમતા.**
- **ઓટોમેટીક મશીન દ્વારા સોર્ટિંગ કામગીરી, ગુણવત્તા ઉપર વિશેષ ધ્યાન.**





નેપ્રા રિસોર્સ મેનેજમેન્ટ પ્રા. લિમીટેડ(નેપ્રા) દ્વારા પી.પી.પી. મોડલ અંતર્ગત પીપળજ ખાતે ડ્રાય વેસ્ટ મેનેજમેન્ટ માટેની અધતન "મટીરીયલ રીકવરી ફેસીલીટી" (એમ.આર.એફ) નું નિર્માણ કરવામાં આવેલ છે. સદર પ્લાન્ટ ખાતે વેસ્ટ સોર્ટિંગની મોટાભાગની કામગીરી ઓટોમેટિક મશીનરી દ્વારા થાય છે અને સાથે જ ક્વોલીટી કંટ્રોલ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

પ્લાન્ટની દૈનિક ક્ષમતા ૭૦ મેટ્રીક ટન જેટલાં સૂકા કચરાનું સોર્ટિંગ કરવાની છે. નેપ્રા કુલ ત્રણ એમ.આર.એફ ધરાવે છે, જેની કુલ ક્ષમતા પ્રતિદીન ૧૦૦ મેટ્રીક ટન જેટલાં સૂકા કચરાના વર્ગીકરણની છે. આ ઉપરાંત કંપની દ્વારા ૪૦ વાહનો સાથે વેસ્ટ કલેકશનની કામગીરી પણ કરવામાં આવે છે. વેસ્ટ કલેકશનની સાથે-સાથે વેસ્ટ મેનેજમેન્ટ પણ એક અગત્યની પ્રક્રિયા છે અને જેથી આ સમસ્યાને સુલઝાવવા આગવું માઇક્રો-એન્ટરપ્રેનીયર મોડલ વિકસાવ્યું છે તથા કલેકશન કલાઉડ કમ્પ્યુટીંગ સિસ્ટમ જેવી આધુનિક પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે.

સંસ્થા દ્વારા કોમર્શીયલ કોમ્પલેક્ષ, રેસ્ટોરન્ટ, મોલ, હોસ્પીટલ, હોટલ, ઈન્ડસ્ટ્રીઝ વગેરે સ્થળોએથી વેસ્ટ કલેકશન દ્વારા એકત્ર કરાયેલા સૂકા કચરાને મટીરીયલ રીકવરી ફેસીલીટી (એમ.આર.એફ.) ઉપર લાવીને તેનું વર્ગીકરણ કરવામાં આવે છે અને બને તેટલાં કચરાને રી-સાઇકલ કરવાનો પ્રયાસ થાય છે. બાકીના કચરાને વિવિધ સિમેન્ટ ઈન્ડસ્ટ્રીઝમાં ઉર્જાના સ્ત્રોત તરીકે એટલે કે રિફયુઝ ડીરાઈવ્ડ ફયુઅલ (આર.ડી.એફ.) તરીકે કો-પ્રોસેસીગ માટે મોકલવામાં આવે છે.

**<u>સૂકા કચરાને રીસાયકલ કરી ઉપયોગમાં લેવા માટે ૮ જગ્યાએ બનાવવામાં આવેલ એમ.આર.એફ :</u>**



રેગપીકર્સ બહેનો કે જેઓ જુદી-જુદી જગ્યાએ ફરી રીસાયકલ કચરો એકત્ર કરતા હોય છે તેની જગ્યાએ શહેરમાંથી સેગ્રીગેશન પધ્ધતિમા અલગથી એકત્ર કરવામાં આવતાં સૂકા કચરામાંથી પુંઠા, બોટલો, પ્લાસ્ટીક, મેટલી વસ્તુઓ, વગેરે જેવી રીસાયકલ વસ્તુઓ એક જ જગ્યાએ અલગ-અલગ પાડી તેમાંથી રોજગારી મેળવી શકે તે માટે અ.મ્યુ.કો.નાં ૭ ઝોનમાં કાર્યરત ૮ ટ્રાન્સફર સ્ટેશનો પર મટીરીયલ રીકવરી ફેસિલીટી (એમ.આર.એફ.) કાર્યરત કરવામાં આવેલ છે. આ એમ. આર.એફ. ઉપર સેલ્ફ હેલ્પ ગ્રુપની બહનો, સૂકા કચરામાંથી રીસાયકલ વેસ્ટ અલગ તારવી પોતાની રોજગારી કમાય છે.


➢ **મંદિરોમાં ઉત્પન્ન થતા ફુલોનાં નિર્માલ્યને પ્રોસેસીંગ કરી ખાતર અને અગરબત્તી બનાવાની કામગીરી :**



- અ.મ્યુ.કો. દ્વારા બ્રુક્સ્ અને બ્લોસમ એજન્સીને શહેરભરમાંથી ૧૫૦ થી વધારે મંદિરોમાં પુજામાં ઉત્પન્ન થતા ફુલોનાં નિર્માલ્યને એકત્ર કરી ખાતર અને અગરબત્તી બનાવવા માટે ઉપયોગમાં લેવાની કામગીરી સોંપવામાં આવેલ છે.
- હાલમાં એજન્સી દૈનીક ધોરણે શહેરોનાં મંદિરોમાંથી ફુલોનો નિર્માલ્ય એકત્ર કરી અ.મ્યુ.કો.એ ઈન્સ્ટોલ કરેલ વિકટોરીયા ગાર્ડન ખાતેનાં ૧ ટન કેપેસિટીનાં ડિસેન્ટ્રલાઇઝીગ પ્રોસેસીગ પ્લાન્ટમાં ખાતર અને અગરબત્તી બનાવવાની કામગીરી કરે છે.

- શહેરભરમાં ૭ ઝોનમાં આવેલાં અ.મ્યુ.કોનાં ૨૩૯ થી વધારે જેટલા બગીચાઓમાં ઉત્પન્ન તથા ઝાડ-પાન જેવા લીલાં કચરામાંથી ખાતર બનાવવા માટે કોમ્પોસ્ટ પીટો બનાવવામાં આવેલ છે. જેમાં સરેરાશ ૧૦૦ મે.ટન જેટલાં લીલાં કચરામાંથી ખાતર બનાવવામાં આવે છે.

➢ **અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ઘન કચરાનાં નિકાલની કામગીરી સાથે સંકળાયેલા વાહનોમાં આર.એફ.આઈ.ડી. બેઈઝડ જી.પી.એસ. મોનીટરીંગ સીસ્ટમ**




કચરાનાં એકત્રીકરણ, ટ્રાન્સપોર્ટેશન અને આખરી નિકાલની કામગીરીમાં ઉપયોગમાં લેવામાં આવતાં આશરે ૧૦૦૦ નંગથી વધારે વાહનોમાં તથા વોર્ડ ઓફિસ, વાહન પાર્કિંગ એરિયા, ડમ્પ, વે-બ્રીજ, ટ્રાન્સફર સ્ટેશન જેવા વિવિધ સ્થળોએ GPS - RFID લગાવી કોમ્પ્યુટરાઈઝડ્ સીસ્ટમથી મોનીટરીંગ કરવા મોનીટરીગ કરવામાં આવી રહેલ છે. જેનાં કારણે ડોર/ગેટ ટુ ડમ્પ પધ્ધતિ હેઠળ કચરાનાં એકત્રીકરણમાં કવરેજની ટકાવારી વધીને ૯૫ % અને કન્ટેનર લીફટીગ પણ ૯૨ % જેટલું થયેલ છે.


## <u>સો.વે.મે. વિભાગની કામગીરી વધુ સુદ્દઢ બનાવવા સારૂ હાથ ધરવામાં આવેલ આયોજન</u> :-

- **અમદાવાદ શહેરનાં ઘન કચરામાંથી વિજળી બનાવવાનાં વેસ્ટ ટુ એનર્જી પ્રોજેકટ**
  **અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઘન કચરામાંથી વિજળી બનાવવાનાં વેસ્ટ ટુ એનર્જી પ્રોજેકટ સારૂ બે સંસ્થાઓને કામગીરી સોંપવામાં આવેલ છે.**

**(૧) એબેલોન કલીન અનેર્જી લી. (ACEL)**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એબેલોન કલીન અનેર્જી લી. (ACEL) ને ડીઝાઈન, બિલ્ડ, ફાયનાન્સ, ઓન એન્ડ ઓપરેટ (DBFOO) ધોરણે દૈનિક ધોરણે ૧૦૦૦ મેટ્રીક ઘન કચરામાંથી ૧૪ મેગા વોટ વિજળી બનાવાની કામગીરી સોંપવામાં આવેલ છે. ACEL દ્વારા યુરોપીયન પર્યાવરણ સબંધિત ધારા-ધોરણો તથા ટેકનોલોજી વાપરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ACEL ને સદર પ્રોજેકટ સારૂ ૧૩ એકર જમીન (વાર્ષિક રૂા. ૧/- લીઝરેન્ટ, મોર્ગેજ નહી કરવાની શરતે) આપવામાં આવેલ છે. ACEL નાં ટોરેન્ટ પાવર / ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. સાથે વિજ ખરીદી કરાર કરવાનાં પાવર પરચેઝ એગ્રીમેન્ટની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે. એજન્સીએ પ્લાન્ટનું બાંધકામ શરૂ કરેલ છે. આગામી વર્ષમાં પ્લાન્ટ કાર્યરત કરવામાં આવશે.

**(૨) જેઆઈટીએફ અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર લી.** (JITF)




અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જેઆઈટીએફ અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર લી. (JITF) ને ડીઝાઈન, બિલ્ડ, ફાયનાન્સ, ઓન એન્ડ ઓપરેટ (DBFOO) ધોરણે દૈનિક ધોરણે ૧૦૦૦ મેટ્રીક ઘન કચરામાંથી ૧૧ મેગા વોટ વિજળી બનાવાની કામગીરી સોંપવામાં આવેલ. JITF દ્વારા કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડનાં પર્યાવરણ સબંધિત ધારા-ધોરણોનું પાલન કરવામાં આવશે. JITF દ્વારા પોતાની ડીઝાઈન કરેલી મશીનરી અને કાર્ય પધ્ધતિ વાપરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા JITF ને સદર પ્રોજેકટ સારૂ ૧૪ એકર જમીન (વાર્ષિક રૂા. ૧/- લીઝરેન્ટ, મોર્ગેજ નહી કરવાની શરતે) આપવામાં આવેલ છે. JITF નાં ટોરેન્ટ પાવર / ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. સાથે વિજ ખરીદી કરાર કરવાનાં પાવર પરચેઝ એગ્રીમેન્ટની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે.

## ➢ **Plastic Waste Management Facility**

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન હદ વિસ્તારમાંથી પ્લાસ્ટીક વેસ્ટને અલગથી એકત્રીકરણ, ટ્રાન્સપોર્ટેશન અને ટ્રીટમેન્ટ માટે પી.પી.પી. ધોરણે Plastic Waste Management Facility ઈન્સ્ટોલ કરી કામગીરી કરવા સારુ બહાર પાડવામાં આવેલ EOI (Expression of Interest) અંતર્ગત ટેકનીકલ બીડ સબમીટ કરેલ ચાર સંસ્થાઓમાંથી ટેકનીકલી ક્વોલીફાય થયેલ બે એજન્સીઓને ૧૦૦ મે.ટન કેપેસિટીનાં પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ ફેસીલીટી માટેનાં પ્લાન્ટ ઈન્સ્ટોલેશન માટે કામગીરી સોંપવામાં આવેલ છે.






**<u>પીરાણા સ્થિત ડમ્પ સાઈટનું બાયોમાઈનીંગ કરવાનો પ્રોજેકટ : -</u>**

વર્ષ - ૧૯૮૦ થી કાર્યરત પિરાણા ડમ્પ સાઇટ ઉપર ૮૦ લાખ મેટ્રીકટ ટન જેટલો લીગાસી વેસ્ટ એકઠો થયેલ છે. ત્રણ લોકેશનો પરની ડમ્પ સાઇટ પર આશરે ૪૫ થી ૬૫ મીટર ઉંચાઇનાં કચરાનાં ઢગલાઓ આવેલ છે.

નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલનાં આદેશ અનુસાર અને નાગરીકોનાં આરોગ્યનાં હિતની સુખાકારી માટે જાન્યુઆરી-૧૯ થી ટ્રોમેલ મશીનરી મુકી આ લીગાસી વેસ્ટને પ્રોસેસ કરવા માટેનો પાયલોટ પ્રોજેકટ શરૂ કરવામાં આવેલ.




સદર પાયલોટ પ્રોજેકટની સફળતાને ધ્યાનમાં રાખીને પિરાણા ડમ્પ સાઇટ બાયોમાઇનીગની કામગીરી કરાવવા માટે ભાડેથી ટ્રોમેલ મશીનરી મેળવી જુલાઇ - ૨૦૧૯ થી કામગીરી કરાવવામાં આવી રહેલ છે. હાલમાં ૩૬ જેટલા ટ્રોમેલ મશીનો કાર્યરત છે.

સપ્ટેમ્બર - ૨૦૨૦ માં નવેસરથી ૩૦૦ મે.ટન ટ્રોમેલ મશીન અને ૧૦૦૦ મે.ટન ઓટોમેટેડ સેગ્રીગેશન મોબાઇલ ટ્રોમેલ મશીન ભાડેથી મેળવવા માટેનાં ટેન્ડરો બહાર પાડવામાં આવેલ છે. હાલમાં એજન્સીઓને કામગીરી સોંપવા માટે સ્ટેન્ડીગ કમિટીની મળેલ મંજુરી અનુસાર વર્ક-ઓર્ડર આપવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

પિરાણા ડમ્પસાઇટ બાયોમાઇનીગ પ્રોજેકટ કામગીરી અંગે ચેરમેનશ્રી, નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ સહિત અન્ય ઉચ્ચ પદાઅધિકારીશ્રીઓ, અલગ-અલગ રાજયોનાં ૦૭ થી વધુ મ્યુનિસિપલકમિશનરશ્રીઓ, રાજય અને કેન્દ્ર સરકારશ્રીનાં સેક્રેટરીશ્રીઓ, એડીશનસેક્રેટરીશ્રીઓ, જોઇન્ટસેક્રેટરીશ્રીઓ સહિત ૨૦૦ થી વધુ ડેલીગેશનો દ્વારા મુલાકાત કરવામાં આવેલ છે.




પિરાણા ડમ્પસાઇટ લીગાસી વેસ્ટ પ્રોસેસીગની બાયોમાઇનીગ પ્રોજેકટની આકામગીરી ભારતભરમાં મોડેલ તરીકે સ્વીકારવામાંઆવેલ છે.

**આજ દિન સુધી આશરે ૨૪.૦૦ લાખ મેટ્રીક ટન લીગાસી વેસ્ટ પ્રોસેસ કરવામાં આવેલ છે અને અંદાજીત ૧૩ એકર જેટલી જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.**

**<u>બોપલ - ઘુમા ડમ્પ સાઇટ બાયોમાઈનીંગ પ્રોજેકટ</u>**

- રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં તા.૧૮.૦૬.૨૦૨૦ ના જાહેરનામાં ક્રમાંક નં : KV/47 of 2020 /AMN / 902019 / 9358 / PE અનુસાર SCHEDULE-1, SCHEDULE-2, તથા SCHEDULE-3 મુજબ બોપલ - ઘુમા નગરપાલીકાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવેશ કરવામાં આવેલ.
- બોપલ-ઘુમા નગરપાલીકા દ્વારા ૫૦૦૦૦ થી વધારે રહેણાંક અને કોમર્શીયલ એકમોમાંથી નિકળતો ઘન કચરો એકત્રીત કરવાની કામગીરી ૧૧ ટ્રેકટરો તેમજ ૪ છોટા હાથી વાહનો દ્વારા કરવામાં આવતી હતી.
- નગરપાલીકા દ્વારા દૈનીક ૮૧ મે.ટન જેટલો ઘન કચરો એકત્રીત કરી નવા ઈસરોની બાજુમાં, વોર્ડ નં-૩ બોપલ પાસેની આશરે ૨૬૨૦૪ ચો.મીટર જેટલી ખુલ્લી જગ્યામાં છેલ્લા ૦૯ વર્ષથી ડમ્પીંગ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.
- સદર ડમ્પીંગ સાઈટ ખાતે નગરપાલીકા દ્વારા આશરે ૨.૫૦ લાખ મે.ટન જેટલો કચરો એકત્ર થયેલ હોવાનું જણાય છે.
- જુલાઇ - ૨૦૨૦ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સદર ડમ્પ સાઇટ ખાતે દૈનીક ૧૦૦૦ મે.ટન પ્રોસેસીગ કેપેસિટીવાળું ઓટોમેટેડ મોબાઇલ સેગ્રીગેશન મશીન મુકી લીગાસી વેસ્ટનાં બાયોમાઇનીગ પ્રોસેસીગની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.
- બાયોમાઈનીગની આ કામગીરી માટે ૦૫ એસ્કેવેટર, ૦૧ જે.સી.બી. અને ૨૧ હાઇવા ટ્રકો કામગીરીમાં મુકવામાં આવેલ છે.
- આજ દિન સુધીમાં માસીક આશરે ૫૦૦૦૦ જેટલો લીગાસી વેસ્ટ પ્રોસેસીગ કરી બોપલ-ઘુમા ડમ્પ સાઈટ ખુલ્લી કરવામાં આવેલ છે.
- અ.મ્યુ.કો. દ્વારા ખુલ્લી કરવામાં આવેલ સદર ડમ્પસાઇટ ખાતે બારેમાસ હરીયાળું રહે એવાં વૃક્ષો, ફુલોનાં છોડ, તળાવ અને બ્રીજ સાથેનું લેન્ડસ્કેપ, ઓપન જીમ એરીયા, બાળકો માટેનો પ્લે એરીયા, વોક વે જેવી સુવિધાઓ સહિતનું ઈકોલોજીકલ પાર્ક બનાવવામાં આવનાર છે.



